૨૪ કલાક રામધૂન અને ધાર્મિક આયોજનો સાથે ઘાટો પર દોઢ લાખથી વધુ ભક્તો ઉપસ્થિત રહેવાની સંભાવના

આજે છઠ મહાપર્વની ઉજવણી



નદી-તળાવ કાંઠે ૩ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટશે : બાપોદ તળાવ મુખ્ય મથક બન્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.14

ભુવન ભાસ્કર સૂર્યદેવની આરાધના અને લોકઆસ્થાના મહાપર્વ 'છઠ પૂજા' નિમિત્તે આજે વડોદરા શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. બિહારી સમાજ, પૂર્વાંચલ અને ઉત્તર ભારતીય સમાજ દ્વારા આ મહાવ્રતનું વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ રહેલું છે. આ પર્વને લઈને વડોદરા શહેરના વિવિધ જળાશયો અને ઘાટો પર તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

આયોજકોના જણાવ્યા મુજબ, પૂર્વાંચલ લોકહિત મંડળ દ્વારા સંચાલિત ૪ થી ૫ મુખ્ય ઘાટો પર જ આશરે દોઢ લાખ જેટલા લોકો ઉપસ્થિત રહેવાની અપેક્ષા છે. માત્ર કમલાનગર તળાવ ખાતે જ અંદાજે ૧૦,૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓ ઉમટશે. જ્યારે સમગ્ર વડોદરા શહેરમાંથી આ મહાપૂજામાં ૩ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ભાગ લેનાર છે.

સૂર્ય ઉપાસનાના આ મહાપર્વ પર શ્રદ્ધાળુઓની ભીડને ધ્યાનમાં રાખીને પૂજા દરમિયાન કોઈ અડચણ કે મુશ્કેલી ન સર્જાય તે માટે સ્વયંસેવકો અને પ્રશાસન દ્વારા ચુસ્ત વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.શહેરમાં છઠ પૂજાના આયોજન માટે તંત્ર અને વિવિધ આયોજક સમિતિઓ દ્વારા વ્યાપક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મુખ્યત્વે બાપોદ તળાવ (મુખ્ય મથક): પૂર્વાંચલ લોકહિત મંડળના જણાવ્યા અનુસાર, બાપોદ તળાવ ખાતે મુખ્ય આયોજન કરવામાં આવ્યું છે. અહીં અસ્તાચલગામી અને ઉદયમાન સૂર્યને અર્ધ્ય અર્પણ કરવાની સાથે ૨૪ કલાક રામધૂન અને ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.કમલાનગર તળાવ ખાતે પણ પૂર્વાંચલ હિત રક્ષક સમિતિ દ્વારા તૈયારીઓ આખરી ઓપ આપવામાં આવ્યો છે. મહીસાગર નદી કાંઠો (કોટના બ્રિજ): મહીસાગર નદીના કાંઠે અને કોટના બ્રિજ સહિત શહેરના વિવિધ તળાવો અને નદી કાંઠાના વિસ્તારોને શણગારવામાં આવ્યા છે અને શ્રદ્ધાળુઓ માટે વિશેષ વ્યવસ્થા કરાઈ છે.

પરંપરાગત ચોપડા સાથે લેપટોપ-કમ્પ્યુટરનું પણ પૂજન

લાભ પાંચમના શુભ મુહૂર્તે વડોદરાના બજારો ફરી ધમધમ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

દિવાળીના મીની વેકેશન બાદ આજે લાભ પાંચમના પવિત્ર પર્વ નિમિત્તે સંસ્કારી નગરી વડોદરાના બજારો, દુકાનો અને ઔદ્યોગિક એકમોમાં ફરી એકવાર રોનક પરત ફરી છે. વેપાર-ધંધાના શ્રીગણેશ કરવા માટે શહેરના વેપારી આલમમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી જ શુભ મુહૂર્તમાં વેપારીઓ દ્વારા પરંપરાગત રીતે ચોપડા પૂજન, શ્રીફળ વધેરીને અને લક્ષ્મીજીની આરાધના સાથે નવા વેપારી વર્ષની શુભ શરૂઆત કરવામાં આવી છે.



વડોદરાના ઐતિહાસિક અને મુખ્ય વેપારી મથકો એવા માંડવી, એમ.જી. રોડ, નવાબજાર, રાવપુરા, ખંડેરાવ માર્કેટ, અલકાપુરી અને મકરપુરા જીઆઈડીસી ખાતે સવારથી જ વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ પોતાના પ્રતિષ્ઠાનો ખોલ્યા હતા. દુકાનો અને ઓફિસોને આસોપાલવના તોરણ અને ગલગોટાના ફૂલોથી શણગારવામાં આવ્યા હતા. વેપારીઓએ એકબીજાને સાલ મુબારક પાઠવી મોં મીઠું કરાવ્યું હતું અને નવું વર્ષ લાભદાયી નીવડે તેવી શુભેચ્છાઓ આપી હતી. સમયની સાથે વડોદરાના વેપાર જગતમાં પણ આધુનિકતાનો રંગ જોવા મળી રહ્યો છે. આજે લાભ પાંચમના દિવસે વેપારીઓએ પરંપરાગત લાલ રંગના હિસાબી ચોપડાની સાથે-સાથે ઓફિસના કમ્પ્યુટર, લેપટોપ, બિલિંગ મશીન અને ડિજિટલ પેમેન્ટના સાધનો પર પણ કુમકુમ તિલક અને અક્ષત ચઢાવી પૂજા-અર્ચના કરી હતી. પેઢી દર પેઢીથી ચાલી આવતી આ પરંપરાને આજની યુવા પેઢીના વેપારીઓ પણ એટલી જ શ્રદ્ધા અને ઉત્સાહથી આગળ ધપાવી રહ્યા છે. બીજી તરફ, વડોદરાના જૈન સમાજ માટે આજનો દિવસ જ્ઞાન પંચમી તરીકે વિશેષ મહત્વ ધરાવે છે. શહેરના વિવિધ જૈન ઉપાશ્રયો અને દેરાસરોમાં જ્ઞાન પંચમીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા ધાર્મિક પુસ્તકો, આગમો, શાસ્ત્રો અને જ્ઞાનના પ્રતીકોની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. જૈન સંઘોમાં જ્ઞાનની આરાધના સાથે આખો દિવસ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. લાભ પાંચમની ઉજવણી સાથે જ છેલ્લા એક અઠવાડિયાથી સૂમસામ ભાસતા વડોદરાના રસ્તાઓ અને બજારોમાં ફરી એકવાર ગ્રાહકોની ચહલપહલ અને ટ્રાફિકની રોનક જોવા મળી રહી છે.

કોટના બીચ પર જામશે આસ્થા, ૧૫-૧૬ નવેમ્બરે ભવ્ય છઠ પૂજા મહોત્સવ

બિહાર સાંસ્કૃતિક મંડળ, વડોદરા દ્વારા આ વર્ષે લોકઆસ્થાના મહાપર્વ છઠ પૂજા મહોત્સવનું ભવ્ય આયોજન આગામી ૧૫ અને ૧૬ નવેમ્બર ૨૦૨૬ના રોજ મહીસાગર નદીના તટે આવેલા કોટના બીચ ઘાટ ખાતે કરવામાં આવી રહ્યું છે.છઠ પૂજા એ બિહાર અને ઉત્તર પ્રદેશનો સૌથી મોટો અને અત્યંત કઠિન લોક આસ્થાનો પર્વ છે, જે આજે સમગ્ર દેશમાં શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઊજવાય છે. વડોદરામાં વસતા લાખો પૂર્વાંચલવાસીઓની આસ્થા સાથે જોડાયેલ આ મહાપર્વ સામાજિક એકતા અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક બની ગયો છે. આ ચાર દિવસીય પર્વમાં 'નહાય-ખાય', 'ખરના', 'સંધ્યા અર્ધ્ય' અને 'ઉષા અર્ધ્ય' જેવા કઠિન અનુષ્ઠાનો કરવામાં આવે છે. આ પર્વમાં કોઈપણ પુરોહિત વિના શ્રદ્ધાળુઓ ૩૬ કલાક સુધી નિર્જલા ઉપવાસ રાખી સૂર્ય ભગવાન અને છઠી મૈયાની આરાધના કરે છે, જેમાં પરિવારની સુખ-શાંતિ અને આરોગ્યની કામના કરવામાં આવે છે.આ ભવ્ય આયોજન માટે સ્થાનિક પ્રશાસનના સહયોગથી કોટના બીચ પર અત્યાર સુધીનો સૌથી વિશાળ અસ્થાયી છઠ ઘાટ તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં હજારો શ્રદ્ધાળુઓ એકસાથે સૂર્ય ભગવાનને અર્ધ્ય અર્પણ કરી શકશે.



તમિલનાડુના વેપારીએ રૂ.૪.૩૬ લાખનો સોડિયમ નાઈટ્રેટનો માલ મંગાવ્યો

ગોરવા BIDCના વેપારીને તમિલનાડુના ઠગે રૂ.૪.૧૧ લાખનો ચૂનો ચોપડયો

15 દિવસમાં પેમેન્ટનું વચન આપી માત્ર રૂ.25 હજાર ચૂકવ્યા, રૂ.4.11 લાખનું પેમેન્ટ ચાઉં કરીને રફૂચક્કર થઇ ગયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વેપારમાં વિશ્વાસ કેળવી લાખોનો માલ મંગાવ્યા બાદ પેમેન્ટ આપવાના સમયે હાથ ઊંચા કરી વડોદરાના વૃદ્ધ વેપારી સાથે ઠગાઈ કરવામાં આવી છે. વડોદરાના ગોરવા BIDC સ્થિત કેમિકલ કંપનીના 70 વર્ષીય વેપારી પાસેથી તમિલનાડુના વેપારીએ 5 હજાર કિલો સોડિયમ નાઈટ્રેટનો માલ મંગાવ્યો હતો. 15 દિવસમાં પૂરેપૂરું પેમેન્ટ કરી દેવાની ખાતરી આપીને રૂ.4.36 લાખનો માલ મેળવી લીધો હતો. જોકે, લાંબા સમય સુધી ઉઘરાણી કરવા છતાં વેપારીએ માત્ર રૂ.25 હજાર ચૂકવી બાકીના રૂ.4.11 લાખ નહીં ચૂકવતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

ગોરવા BIDCના કૃષ્ણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં પ્રકાશ કેમિકલ્સ એજન્સીસ પ્રા.લિ. ધરાવતા 70 વર્ષીય દિલીપકુમાર શાહ કેમિકલનો વેપાર કરે છે. તેમની કંપની પાસેથી તમિલનાડુના સેલમ ખાતે શિવાશક્તિ ઈન્ડસ્ટ્રીયલ એક્સપ્લોઝીવ પ્રા.લિ.ના પ્રોપરાઈટર કે. શુભ્રમણ્યન વર્ષ 2021થી કેમિકલ ખરીદતા હતા. જૂન 2023માં શુભ્રમણ્યને 5 હજાર કિલો સોડિયમ નાઈટ્રેટનો ઓર્ડર આપ્યો હતો. પ્રતિ કિલો રૂ.73ના ભાવે સોદો નક્કી થયા બાદ 8 જૂને પરચેઝ ઓર્ડર આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ દિલીપભાઈએ 13 જૂનના રોજ GST સહિત રૂ.4,36,600નું બિલ બનાવી વાહન મારફતે બાલાજી ટ્રાન્સપોર્ટ દ્વારા તમિલનાડુ માલ રવાના કર્યો હતો. માલ મળ્યાના 15 દિવસમાં પેમેન્ટ કરી દેવાની ખાતરી હોવાથી વેપારીએ વિશ્વાસ રાખ્યો હતો. પરંતુ સમય વીતી જવા છતાં નાણાં નહીં મળતાં ઉઘરાણી શરૂ કરી હતી. ફોન, ઈ-મેઈલ અને કાનૂની નોટિસ આપવા છતાં આરોપી પેમેન્ટ માટે વાયદા કરતો રહ્યો હતો. આખરે આરોપીએ રૂ.4.36 લાખ પૈકી માત્ર રૂ.25 હજાર ચૂકવી બાકીના રૂ.4.11 લાખ નહીં ચૂકવી છેતરપિંડી આચરી હોય વૃદ્ધ વેપારીએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ઠગ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે .

એમ.એસ.યુ.ના કોટ પાસે જાહેરમાં ચેનચાળા કરતી ત્રણ લલનાઓ ઝડપાઈ

વડોદરા : શહેરમાં જાહેર સ્થળોએ અસભ્ય વર્તન કરી રાહદારીઓને પરેશાન કરતી મહિલાઓ સામે સયાજીગંજ પોલીસે કાર્યવાહી કરી છે. એમ.એસ. યુનિવર્સિટીના કોટ પાસે જાહેરમાં ઊભી રહી રસ્તા પરથી પસાર થતા પુરુષોને બીભત્સ ઈશારા કરી ચેનચાળા કરતી ત્રણ લલનાઓને પોલીસે ઝડપી પાડી હતી. પોલીસને મળેલી સૂચનાના આધારે સયાજીગંજ પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન એમ.એસ. યુનિવર્સિટીના કોટ પાસે અલગ અલગ સમયે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ત્રણ મહિલાઓ જાહેર માર્ગ પર ઊભી રહી અવરજવર કરતા પુરુષોને પોતાની તરફ આકર્ષવા માટે બીભત્સ ઈશારા કરતી અને અસભ્ય વર્તન કરતી મળી આવી હતી. જાહેર રસ્તા પરથી પસાર થતા લોકોની લોકલાગણી દુભાય અને જાહેર શાંતિને અસર થાય તે પ્રકારનું વર્તન કરતી ત્રણેય મહિલાઓને પોલીસે ઝડપી પાડી હતી.

માણેજા ક્રોસિંગ પાસે લેન્ડમાર્ક મોલના પાર્કિંગમાં ઘટના બની

અદાવતે ચાર શખ્સે ઘેરી યુવક પર છરીના ઉપરા છાપરી ઘા ઝીંક્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.14

માણેજા ક્રોસિંગ પાસે આવેલા લેન્ડમાર્ક મોલના પાર્કિંગમાં ગલ્લા પાસે બેઠેલા 21 વર્ષીય આયુષ નન્હે વર્મા પર એકટીવા ચલાવવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીની અદાવત રાખીને ચાર શખ્સોએ તૂટી પડી હુમલો કર્યો હતો. હુમલાખોરોએ યુવકને માર માર્યા બાદ છરીના ઉપરાછાપરી ત્રણ ઘા ઝીંકી ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. મકરપુરાની જશોદા કોલોનીમાં રહેતો આયુષ વર્મા ફેબ્રિકેશનનું કામ કરે છે. દિવાળીના તહેવાર નિમિત્તે તે પોતાની બહેનના ઘરે ગયો હતો. રાત્રે જમીને ઘરે પરત ફરતી વખતે માણેજા ક્રોસિંગ પાસે લેન્ડમાર્ક મોલના પાર્કિંગમાં ગલ્લા પાસે તેના જીજાજીનો ભાઈ અમરજીત પટેલ બેઠો હોવાથી આયુષ ત્યાં રોકાયો હતો. દરમિયાન રાત્રે આશરે સાડા દસ વાગ્યે નીરજ યાદવ, તેનો મિત્ર સુરજ તથા સાહિલ સૈયદ અને સાહિદ સૈયદ ત્યાં આવી પહોંચ્યા હતા. આયુષને ગલ્લા પાછળ લઈ ગયા હતા અને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. સુરજે ધક્કો મારી આયુષને જમીન પર પાડી દીધો હતો, જ્યારે નીરજે પાછળથી તેનું ગળું પકડી રાખ્યું હતું. આયુષને કાબૂમાં લીધા બાદ સાહિલ અને સાહિદે છરી કાઢી તેના પેટમાં બે અને છાતીની જમણી બાજુએ એક ઘા ઝીંકી દીધો હતો. એસએસજીમાં તેના પેટ અને છાતીના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. સારવાર બાદ 9 નવેમ્બરે તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જોકે, ઈજાઓને કારણે ચાલી શકવાની સ્થિતિમાં ન હોવાથી તે તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવી શક્યો નહોતો. આખરે આયુષ વર્માએ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવતા મકરપુરા પોલીસે નીરજ યાદવ, સુરજ, સાહિલ સૈયદ અને સાહિદ સૈયદ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટેક્સના નામે વધુ રૂપિયાની માગણી થતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો

ક્રેડિટબી એપના નામે યુવકને રૂ.૪.૧૦ લાખની લોનની લાલચ આપી રૂ.૮૨ હજારની ઠગાઈ

રૂ.59 હજારની લોન પહેલાં લઈ તરત ભરવાનું કહી બે અલગ બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરામાં સાયબર ઠગોએ હવે જાણીતી લોન એપ્લિકેશનના નામે લોકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. વાઘોડિયા રોડ પર રહેતા અને ગોરવાની કંપનીમાં નોકરી કરતા 31 વર્ષીય યુવકને ક્રેડિટબી (KREDITBEE) એપ્લિકેશનમાંથી રૂ.4.10 લાખની પર્સનલ લોન અપાવવાની લાલચ આપી ગઠિયાએ બે અલગ-અલગ બેંક ખાતામાં રૂ.82 હજાર ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ ટેક્સના નામે વધુ રૂ.18 હજારની માગણી થતાં યુવકને શંકા ગઈ હતી ઠગાઈનો ભાંડો ફૂટયો હતો. વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર અંબિકા એવન્યુ ફ્લેટમાં રહેતા મૂળ ખેડાના અક્ષય રાજેશભાઈ ઝાલા ગોરવાની કંપનીમાં નોકરી કરે છે. ગત તા.20 ઓક્ટોબરના રોજ બપોરે કંપનીમાં નોકરી દરમિયાન તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે KREDITBEEમાંથી બોલતો હોવાનું જણાવી અક્ષયકુમારનો સીબિલ સ્કોર સારો હોવાથી રૂ.4.10 લાખની પર્સનલ લોન મળી શકે તેમ હોવાનું જણાવ્યું હતું. જોકે, યુવકે એપ્લિકેશનમાં રૂ.59 હજારની પર્સનલ લોન અને રૂ.10 લાખની બિઝનેસ લોન જ દેખાતી હોવાનું કહેતાં ઠગે પહેલાં રૂ.59 હજારની લોન લઈ તાત્કાલિક ભરપાઈ કરી દેવાની સલાહ આપી હતી. આમ કરવાથી રૂ.10 લાખની બિઝનેસ લોનનો વિકલ્પ દૂર થઈ રૂ.4.10 લાખની લોન દેખાવા લાગશે તેવી ખાતરી આપી હતી. ઠગની વાતમાં આવી યુવકે એપ્લિકેશન મારફતે રૂ.59 હજારની લોન લીધી હતી, જેમાંથી રૂ.55 હજાર તેમના બેંક ખાતામાં જમા થયા હતા. ત્યારબાદ ફોન કરનારે રૂ.55 હજાર અન્ય બેંક ખાતામાં ગૂગલ પે મારફતે જમા કરાવ્યા હતા. થોડીવાર બાદ રૂ.4.10 લાખની લોન મંજૂર થઈ ગઈ હોવાનું જણાવી બે ઈએમઆઈના નામે રૂ.27 હજાર બીજા બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આટલું જ નહીં, લોનની રકમ ખાતામાં જમા કરાવવા માટે રૂ.18 હજાર ટેક્સ ભરવો પડશે તેમ કહી વધુ નાણાંની માગણી કરી હતી. જોકે, વારંવાર અલગ-અલગ ખાતામાં નાણાં જમા કરાવવાનું કહેતાં યુવકને શંકા ગઈ હતી. તપાસ કરતાં એપ્લિકેશનમાં લીધેલી રૂ.59 હજારની લોન પણ ચાલુ હોવાનું જણાયું હતું. જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં યુવકે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ સામે રૂ.82 હજારની ઓનલાઈન છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

મેક્સિમસ ઈન્ટરનેશનલની આવકમાં 38.99%નો જંગી ઉછાળો

વડોદરા : મેક્સિમસ ઈન્ટરનેશનલ લિમિટેડે નાણાકીય વર્ષ 2027ના પ્રથમ અર્ધવાર્ષિકમાં 38.99 ટકાની આવક વૃદ્ધિ નોંધાવી છે. કંપનીએ 30 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિકનાં નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય વર્ષ 2027ના પ્રથમ અર્ધવાર્ષિકમાં કંપનીની કામગીરીમાંથી આવક રૂ. 11,864.17 લાખ રહી હતી. EBITDA રૂ. 918.32 લાખ, કર પહેલાંનો નફો રૂ. 478.50 લાખ અને ચોખ્ખો નફો રૂ. 409.86 લાખ નોંધાયો હતો. આ સમયગાળામાં EBITDA માર્જિન 7.70 ટકા અને PAT માર્જિન 3.44 ટકા રહ્યું હતું. બીજા ત્રિમાસિકમાં કંપનીએ રૂ. 5,873.57 લાખની આવક, રૂ. 460.46 લાખ EBITDA અને રૂ. 205.21 લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. યુએઈ-કેન્યામાં સ્થાપિત ઉત્પાદન સુવિધાઓ તથા ભારતમાં નિર્માણાધીન પ્લાન્ટના આધારે કંપની વૈશ્વિક બજારોમાં પોતાની હાજરી વધુ મજબૂત બનાવવાનું લક્ષ્ય ધરાવે છે.

ફેસબુક જોતી વખતે ઇન્સ્ટાગ્રામ અપડેટનું નોટિફિકેશન આવતાં ક્લિક કર્યું

ઈન્સ્ટાગ્રામ અપડેટની એક ક્લિક કરતાં ડ્રાઈવરના ખાતામાંથી રૂ.૯૪ હજાર સાફ

મોબાઈલની સ્ક્રીન બ્લેક થયા બાદ બે ટ્રાન્ઝેક્શનથી સાયબર ઠગોએ રૂ.60 હજાર અને રૂ.34 હજાર ઉપાડી લીધા

(પ્રતિનિધિ) વડોદરા તા.14

સોશિયલ મીડિયા પર આવતા અપડેટના નોટિફિકેશન પણ હવે સાયબર ઠગો માટે છેતરપિંડીનું હથિયાર બની રહ્યા છે. વડોદરાના વૈકુંઠ-2માં રહેતા ડ્રાઈવર સાથે આવી જ મોડસ ઓપરેન્ડીથી રૂ.94 હજારની ઠગાઈ થઈ છે. ફેસબુક જોતી વખતે ઈન્સ્ટાગ્રામ અપડેટના નોટિફિકેશન પર ક્લિક કરતાં જ મોબાઈલની સ્ક્રીન બ્લેક થઈ ગઈ હતી. બીજા દિવસે ગૂગલ પે ચેક કરતાં બે ટ્રાન્ઝેક્શન મારફતે બેંક ખાતામાંથી રૂ.94 હજાર ઉપડી ગયાનું સામે આવ્યું હતું. સાયબર ઠગો રોજ નવી નવી તરકીબો ઠગાઈ કરવા માટે અજમાવી રહ્યા છે ત્યારે હવે મોબાઈલ હેક કરવા માટે સોશિયલ મીડિયા એપ્લિકેશનના અપડેટના નામે સગાઈ કરવામાં આવી છે. જેમાં એવી વિગત છે કે વૈકુંઠ-2 વિસ્તારમાં રહેતા ઈબ્રાર મુન્નાખાન મોબાઈલમાં ફેસબુક જોઈ રહ્યા હતા ત્યારે ઈન્સ્ટાગ્રામ અપડેટ કરવાનું નોટિફિકેશન આવ્યું હતું.

સામાન્ય અપડેટ સમજી તેમણે તેના પર ક્લિક કર્યું હતું, પરંતુ આ એક ક્લિક જ તેમના માટે મોંઘી સાબિત થઈ હતી. નોટિફિકેશન પર ક્લિક કરતાની સાથે જ મોબાઈલની સ્ક્રીન બ્લેક થઈ ગઈ હતી. ફોન સ્વીચ ઓફ કરીને ફરી ચાલુ કરવાનો પ્રયાસ કર્યો હોવા છતાં થોડી જ સેકન્ડમાં ફોન બંધ થઈ જતો હતો. આથી તેમણે સિમકાર્ડ કાઢી નાખ્યું હતું. બીજા દિવસે સવારે સિમકાર્ડ ફરી નાખીને મોબાઈલ ચાલુ કર્યો હતો. ત્યારબાદ ગૂગલ પેમાં બેંક ખાતાની વિગતો તપાસતાં ખાતામાંથી નાણાં ઉપડી ગયાની જાણ થઈ હતી.

આથી ઈન્ડિયન બેંકમાં જઈ સ્ટેટમેન્ટ કઢાવતાં બે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન સામે આવ્યાં હતાં. જેમાં પ્રથમ રૂ.60 હજાર અને ત્યારબાદ રૂ.34 હજાર મળી કુલ રૂ.94 હજારની રકમ અજાણ્યા શખ્સો દ્વારા ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી. પોતે કોઈ ઓનલાઈન વ્યવહાર કર્યો ન હોવા છતાં મહેનતની કમાણી ગુમાવતાં ઈબ્રાર મુન્નાખાને બાપોદ પોલીસ મથકમાં સાયબર ઠગાઈની ફરિયાદ નોંધાતાં પોલીસે નાણાં કયા ખાતામાં ટ્રાન્સફર થયાં અને ઠગો સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

ડેસરમાં સાત પશુની ચોરીથી ફફડાટ


(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા જિલ્લાના ડેસર તાલુકામાં પશુચોર ટોળકીએ તરખાટ મચાવ્યો છે. ઘેલાપુરી ગામમાં એક જ વિસ્તારમાંથી અલગ-અલગ પશુપાલકોની પાંચ ભેંસ અને બે પાડીઓ મળી કુલ સાત પશુની ચોરી થતાં ફફડાટ ફેલાયો છે. ચોરાયેલા પશુઓની કિંમત રૂ.4.80 લાખ આંકવામાં આવી છે. ગત 24 સપ્ટેમ્બરે રાત્રે બે થી વહેલી સવારે સાડા પાંચ વાગ્યા દરમિયાન મહેશભાઈ બાબુભાઈ પરમારના તબેલામાંથી એક ભેંસ ચોરી થઈ હતી. તપાસ કરતાં આસપાસના પશુપાલકોનાં અન્ય છ પશુ પણ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. લાંબી શોધખોળ બાદ 13 નવેમ્બરે ડેસર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બીજી ઘટનામાં કુપાવ તળાવ પાસેની વાડીમાંથી વિજયકુમાર ઇબ્રાહિમ રાઉલની બે ભેંસ, કિંમત રૂ.2 લાખની, ચોરાઈ હતી. આ અંગે પણ ડેસર પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. એક જ વિસ્તારમાંથી ટૂંકા ગાળામાં આટલી મોટી સંખ્યામાં પશુઓની ચોરી થવાની ઘટના સામે આવતાં પશુપાલકોમાં ચિંતા સાથે રોષ જોવા મળી રહ્યો છે.

ઘોર કળિયુગ પથારીવશ વૃદ્ધ માતાને સાચવવાની જવાબદારીમાંથી પુત્રોએ હાથ ખંખેર્યા

ચાર પુત્ર છતાં વૃધ્ધ માતાની સેવા કરવા કોઈ તૈયાર નહીં!

પુત્રવધૂએ 181 અભયમની મદદ માગતાં ચારેય પુત્રોને ટીમે સમજાવ્યા




(પ્રતિનિધિ) વડોદરા તા.14

કલિયુગી પુત્રોની સંવેદનહીનતાનો કિસ્સો વડોદરા શહેરમાં સામે આવ્યો છે. ચાર-ચાર દીકરા હોવા છતાં 80 વર્ષની પથારીવશ માતાની સેવા કરવાની જવાબદારી કોઈ લેવા તૈયાર ન થતાં આખરે પુત્રવધૂએ 181 અભયમની મદદ લેવાની ફરજ પડી હતી. મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા પુત્રવધૂ અને તેના પતિ પર વૃદ્ધ સાસુની સેવા કરવાનો ભાર હતો, જ્યારે અન્ય ત્રણ પુત્રો માતાની જવાબદારી સ્વીકારવા તૈયાર નહોતા. અભયમની ટીમે સ્થળ પર પહોંચી કાઉન્સેલિંગ કરતાં ચારેય પુત્રોને પોતાની જવાબદારીનું ભાન કરાવ્યું હતું. વડોદરા શહેર વિસ્તારમાંથી 181 અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ આવ્યો હતો કે, એક 80 વર્ષીય વૃદ્ધા પથારીવશ છે અને તેમના ચાર પુત્રો હોવા છતાં તેમની સેવા કરવા કોઈ તૈયાર નથી. કોલ મળતાં જ અભયમની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિવારનું કાઉન્સેલિંગ કર્યું હતું. આ દરમિયાન પુત્રવધૂએ જણાવ્યું હતું કે, તેમના સાસુ છેલ્લા ચાર વર્ષથી તેમના ઘરે રહે છે અને તેઓ તેમની સેવા કરી રહ્યા છે. જોકે, સાસુના અન્ય ત્રણ પુત્રો માતાની જવાબદારી લેવા તૈયાર નથી. આ બાબતે પતિને વાત કરતાં તેઓ મારપીટ કરતા હોવાનો પણ પુત્રવધૂએ આક્ષેપ કર્યો હતો. પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી મજૂરી કરીને ઘર ચલાવતા પરિવાર માટે વૃદ્ધાની સારવાર અને સેવા કરવી મુશ્કેલ બની રહી હતી. જેથી અન્ય પુત્રો પણ માતાને પોતાની સાથે રાખે તેવી પુત્રવધૂની માગ હતી. અભયમની ટીમે પરિવારને સમજાવ્યું હતું કે, માતાની સેવા અને સંભાળ રાખવાની જવાબદારી ચારેય પુત્રોની છે. માતા વૃદ્ધ અને પથારીવશ હોય ત્યારે તેમની જવાબદારીમાંથી છટકી શકાય નહીં. સ્થળ પર હાજર અન્ય બે પુત્રોને પણ સમજાવ્યા હતા અને જવાબદારી નહીં નિભાવે તો કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે તેવી જાણકારી આપી હતી. અભયમની ટીમની સમજાવટ બાદ ચારેય પુત્રોએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને વૃદ્ધ માતાની સેવા કરવા સંમતિ આપી હતી. ભવિષ્યમાં માતા સાથે આવું ગેરવર્તન નહીં થાય અને તેમની સંભાળ રાખવામાં આવશે તેવું લેખિત સમાધાન પણ કરવામાં આવ્યું હતું. વૃદ્ધાવસ્થામાં માતા-પિતાને સંતાનોના પ્રેમ, હૂંફ અને સહારાની સૌથી વધુ જરૂર હોય છે. જે માતાએ પોતાની જિંદગીનો મોટાભાગનો સમય સંતાનોના ઉછેર અને પરિવારની જવાબદારીઓ નિભાવવામાં વિતાવ્યો હોય, એ જ માતાને જીવનના અંતિમ પડાવમાં આવી સ્થિતિનો સામનો કરવો પડે તે અત્યંત દુઃખદ બાબત છે. ચાર પુત્રો હોવા છતાં માતાની દવા, સારવાર, ભોજન અને રોજિંદી દેખભાળ જેવી પાયાની જરૂરિયાતો માટે પણ એક પુત્રવધૂને સંઘર્ષ કરવો પડે તે પરિવારની જવાબદારી પ્રત્યેની ઉદાસીનતા દર્શાવે છે. ખાસ કરીને વૃદ્ધ વ્યક્તિ પથારીવશ હોય ત્યારે તેમની શારીરિક સ્થિતિને ધ્યાનમાં રાખીને સતત દેખરેખ અને સમયસર સારવાર આપવી જરૂરી બને છે. આવી સ્થિતિમાં પરિવારના તમામ સભ્યોએ એકબીજાને સહકાર આપીને જવાબદારી વહેંચવી જોઈએ. માત્ર આર્થિક જવાબદારી જ નહીં, પરંતુ વૃદ્ધ માતાને માનસિક હૂંફ અને સન્માન આપવું પણ સંતાનોની ફરજ છે. ચાર પુત્રો હોવા છતાં માતાને સાચવવા માટે 181 અભયમનો સહારો લેવો પડે તેવી સ્થિતિ સર્જાતા પરિવારની સંવેદનહીનતા સામે સવાલો ઊભા થયા છે.

જવાબદાર કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવાની સ્થાનિકોની ઉગ્ર માંગ

કાલુપુરામાં રોડ પર વહેતું ગટરનું પાણી, ગરીબો પાસેથી નાણાં ખંખેરવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.14



શહેરમાં સ્વચ્છતાના મોટા-મોટા દાવાઓ વચ્ચે વડોદરાના કાલુપુરા વિસ્તારમાંથી તંત્રની પોલ ખોલતી ગંભીર સ્થિતિ સામે આવી છે. કાલુપુરા વિસ્તારમાં લાંબા સમયથી ગટર ઉભરાવવાની અને રોડ પર ગંદુ પાણી ભરાવાની ગંભીર સમસ્યા પ્રવર્તી રહી છે. દિવાળી અને ધનતેરસ જેવા મુખ્ય તહેવારો વીતી ગયાં હોવા છતાં આ વિસ્તારના રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં જીવન જીવવા મજબૂર બન્યા છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે મુખ્ય માર્ગ પર ગટરનું દૂષિત અને ગંદુ પાણી સતત વહી રહ્યું છે. આ પાણી પરથી જ્યારે વાહનો પસાર થાય છે, ત્યારે છાંટા રાહદારીઓ અને સ્થાનિક રહેવાસીઓના ચહેરા તથા કપડાં પર ઉડે છે, જેના કારણે લોકો ભારે શરમ અને હાલાકી અનુભવી રહ્યા છે. આ દૂષિત પાણીની દુર્ગંધ અને ગંદકીના કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની પૂરી શક્યતા છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, અહીના વાતાવરણમાં સતત ગંદકી રહેવાથી લોકોને શરદી, ઉધરસ, તાવ, ઉલટી અને ઝાડા જેવી મોસમી બીમારીઓ ઘર કરી રહી છે. લોકો નાછૂટકે મોં પર માસ્ક બાંધીને અવરજવર કરવા મજબૂર બન્યા છે. સ્થાનિક મહિલાઓ અને રહેવાસીઓએ તંત્ર અને કર્મચારીઓ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. લોકોનું કહેવું છે કે ગટર સાફ કરવા અથવા તેનું સમારકામ કરવા આવતા કર્મચારીઓ સરકારી પગાર મેળવતા હોવા છતાં લોકો પાસેથી મનઘડત નાણાં વસૂલે છે. એક-એક ઘરદીઠ ૩૦૦, ૫૦૦, ૮૦૦થી લઈને ૧,૫૦૦ સુધીની માતબર રકમ ગેરકાયદેસર રીતે ઉઘરાવવામાં આવે છે. ગરીબ પરિવારો અને રોજિંદુ કમાઈને ગુજરાન ચલાવતા શ્રમિકો પાસેથી આ પ્રકારે બળજબરીથી નાણાં કઢાવવામાં આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.